બુધવાર, તા. ૧૫-૧૦-૨૦૧૪

વેપાર વાણિજ્ય

૧૦

મુંબઈ સમાચાર ▸ THE BOMBAY SAMACHAR

કોર્પોરેટ

# એક્સેલ ગૅસ ઍન્ડ ઈક્વિપમેન્ટનું ફોરવર્ડ ઈન્ટિગ્રેશન

મુંબઇઃ ક્રિટિકલ ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે કાર્યરત ઇજનેરી કંપની એક્સેલ ગેસ એન્ડ ઇક્વિપમેન્ટે રૂ. ૧૦૦ કરોડના રોકાણ સાથે ફોરવર્ડ ઇન્ટિગ્રેશનની જાહેરાત કરી છે. કંપની ૨૦૧૬-૧૭ સુધીમાં પાચેક શહેરોમાં વીસ ગેસ પ્લાન્ટ સ્થાપવાની યોજના ધરાવે છે. આ પ્રોજેક્ટ માટે નાણાં ભંડોળની વ્યવસ્થા કરવા માટે કંપની પ્રાઇવેટ પ્લેસમેન્ટનો માર્ગ અપનાવવાની વિચારણાં ધરાવે છે. વેજિટેબલ સેલ્સમેનમાંથી આ અગ્રણી ઇજનેરી કંપનીના મેનેજિંગ ડિરેકટરના પદે પહોંચનાર નીતિન ગોડસે જણાવે છે કે વષ૪ ૨૦૧૭-૧૮માં કંપની ગુજરાતમાં સીમલેસ ટ્યૂબ મેન્યુફેકચરિંગ પ્લાન્ટ નાંખવાની યોજના પણ ધરાવે છે.

આ ક્ષેત્રે માગ-પુરવઠા વચ્ચે વિશાળ ગેપ હોવાથી કંપની ૨૦૦૦ ટનની ક્ષમતા ઊભી કરવા ધારે છે. આમાંની અમુક ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ સ્વવપરાશ માટે થશે અને બાકીના ઉત્પાદનનું વેચાણ થશે. આ પ્રોજેકટમાં રૂ. ૨૫ કરોડનું રોકાણ થશે. સંપૂર્ણ ટર્નકી ઇન્સ્ટોલેશન સર્વિસ પૂરી પાડનારી આ દેશની એકમાત્ર કંપની છે. ■